For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઉમેદવારી પત્રકોનું વિતરણ શરૂ : પ્રથમ દિવસે ૯ ફોર્મનો ઉપાડ

# માંજલપુર પેટાચૂંટણીનું સત્તાવાર જાહેરનામું બહાર

### ધારાસભ્ય યોગેશ પટેલના અવસાનથી ખાલી પડેલી બેઠક માટે કલેક્ટર કચેરી ખાતે વહીવટી તંત્ર સજ્જ

**૩૦ જુલાઈએ** મતદાન અને ૩ ઓગસ્ટે મતગણતરી હાથ ધરવામાં આવશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6

વડોદરા શહેરની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠકના વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલના દુ:ખદ અવસાન બાદ ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજવા માટે વહીવટી તંત્ર દ્વારા સત્તાવાર રીતે પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. રાજ્યના ચૂંટણી પંચના આદેશ અનુસાર આજરોજ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આ પેટાચૂંટણી અંગેનું વિધિવત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામું બહાર પડવાની સાથે જ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને તમામ અગ્રણી રાજકીય પક્ષો સહિત અપક્ષ ઉમેદવારો પણ સક્રિય બન્યા છે. ચૂંટણી પ્રક્રિયા અંગે વિગતો આપતા તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે, કલેક્ટર કચેરી પરિસરમાં આવેલી જમીન સુધારણા શાખાની અંદર માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી માટેનો ખાસ વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે.




આજથી જ આ શાખા ખાતેથી વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ અપક્ષ ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો માટે સત્તાવાર ફોર્મ નું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ફોર્મ મેળવવાની તેમજ ભરીને પરત કરવાની પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ચૂંટણી અધિકારીઓની દેખરેખ હેઠળ સ્ટાફની ફાળવણી કરીને તમામ વહીવટી તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. જાહેરનામામાં દર્શાવવામાં આવેલી વિગતો મુજબ, ઉમેદવારી પત્રકોની ચકાસણી બાદ આગામી ૧૬મી જુલાઈના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ નક્કી કરવામાં આવી છે. ૧૬મી જુલાઈએ ફોર્મ ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ જ માંજલપુર બેઠકના ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે કે કયા પક્ષો વચ્ચે સીધો મુકાબલો છે. ત્યારબાદ નિયત કાર્યક્રમ અનુસાર આગામી ૩૦મી જુલાઈના રોજ માંજલપુર વિધાનસભા મતવિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ આગામી ૩જી ઓગસ્ટના રોજ સવારે મતગણતરી શરૂ કરવામાં આવશે અને તે જ દિવસે આ બેઠક પર વિજેતા ઉમેદવારના નામની જાહેરાત થશે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કલેક્ટર કચેરી ખાતે કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ કચેરી અને ફોર્મ વિતરણ કેન્દ્રની આસપાસ સતત પેટ્રોલિંગ રાખવામાં આવી રહ્યું છે અને આ સુરક્ષા વ્યવસ્થા ચૂંટણી પ્રક્રિયાના અંત સુધી અવિરત ચાલુ રહેશે. વહીવટી તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ રીતે પારદર્શી, નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે કડક આયોજન કરવામાં આવ્યું છે.

**ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયાનો પ્રારંભ; તા. ૧૩ જુલાઈ સુધી સવારના ૧૧ થી બપોરના ૩ કલાક સુધીની સમયાવધિ**

૧૪૫-માંજલપુર વિધાનસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થવાની સાથે જ ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. ઉમેદવાર અથવા તેમના કોઈપણ દરખાસ્ત મૂકનાર વ્યક્તિ દ્વારા નામ નિર્દેશન પત્રો રૂમ નં. ૨૦, પહેલો માળ, કલેક્ટર કચેરી, ઓ.પી. રોડ, દિવાળીપુરા, વડોદરા ખાતે ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર (જમીન સુધારણા) અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર, વડોદરા શહેર (દક્ષિણ) સમક્ષ રજૂ કરી શકાશે.તા. ૦૬/૦૭/૨૦૨૬ થી ૧૩/૦૭/૨૦૨૬ સુધી સવારના ૧૧-૦૦ કલાકથી બપોરના ૩-૦૦ કલાક સુધી ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોના ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે જ મેળવી શકાશે. રજૂ થયેલા તમામ નામાંકન પત્રોની ચકાસણી તા. ૧૪/૦૭/૨૦૨૬ (મંગળવાર) ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, રૂમ નં. ૫૦/૧, બીજા માળે, કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવશે.જે ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી ખેંચવા માંગતા હોય, તેઓ રૂબરૂ અથવા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટ મારફતે તા. ૧૬/૦૭/૨૦૨૬ (ગુરૂવાર) ના રોજ બપોરે ૩-૦૦ કલાક પહેલાં નિર્ધારિત અધિકારીઓને ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટિસ આપીને જણાવી શકશે.

## માંજલપુર પેટાચૂંટણીમાં ચૂંટણી પંચનો કડક પહેરો

ભારતના ચૂંટણી પંચે વડોદરા જિલ્લાના ૧૪૫-માંજલપુર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી-૨૦૨૬ માટે ત્રણ વરિષ્ઠ અધિકારીઓની ઓબ્ઝર્વર તરીકે નિમણૂંક કરી છે. જનરલ ઓબ્ઝર્વર તરીકે શ્રી મોહિત બુંદાસ (IAS, 2011 બેચ, મધ્યપ્રદેશ કેડર), ખર્ચ નિરીક્ષક તરીકે શ્રી આદિત્ય શુક્લા (IRS-IT, 2007 બેચ) અને પોલીસ ઓબ્ઝર્વર તરીકે *શ્રી સુનીલ કુમાર ચૌધરી (IPS, 2004 બેચ, પશ્ચિમ બંગાળ કેડર)*ની નિમણૂંક કરવામાં આવી છે. ત્રણેય અધિકારીઓ મોડી સાંજ સુધી વડોદરા પહોંચશે અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખશે. ખર્ચ નિરીક્ષક શ્રી આદિત્ય શુક્લા ચૂંટણી દરમિયાન ઉમેદવારો અને રાજકીય પક્ષોના તમામ પ્રકારના ખર્ચ, પ્રચાર સામગ્રી તેમજ આદર્શ આચારસંહિતાના પાલન પર કડક દેખરેખ રાખશે. તેઓ ચૂંટણી દરમિયાન માંજલપુર મતવિસ્તારની બે વખત મુલાકાત લેશે અને દૈનિક પ્રવૃત્તિ અહેવાલ સહિત કુલ પાંચ મહત્વના અહેવાલ ચૂંટણી પંચને સુપરત કરશે.ચૂંટણી પંચના આ કડક વલણથી પેટાચૂંટણી દરમિયાન નાણાંબળના દુરૂપયોગ પર અસરકારક નિયંત્રણ આવશે.

## માંજલપુર પેટા-ચૂંટણી રદ કરો અથવા ભાજપને બિનહરીફ જાહેર કરો

વડોદરા જિલ્લાની ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠક પર આગામી ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાનારી પેટા-ચૂંટણી અગાઉ એક અનોખો અને ચર્ચાસ્પદ મામલો સામે આવ્યો છે. સ્વ. ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક માટે યોજાનારી ચૂંટણી પ્રક્રિયા વચ્ચે સામાજિક કાર્યકર્તા યોગેન્દ્ર બારોટ દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર સુપરત કરી ચૂંટણી રદ કરવાની અથવા સત્તારૂઢ પક્ષના ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. યોગેન્દ્ર



બારોટએ કલેક્ટર કચેરી ખાતે રજૂ કરેલા આવેદનમાં જણાવ્યું છે કે, હાલમાં માંજલપુર વિધાનસભા મતવિસ્તારમાં જનતાનો મિજાજ સ્પષ્ટપણે ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં છે. જનતાને ભાજપના વિકાસ કાર્યોમાં અતૂટ વિશ્વાસ છે, જેને કારણે આ ચૂંટણી એકપક્ષીય જેવી બની રહી છે. આવેદનપત્રમાં તેમણે ઉલ્લેખ કર્યો છે કે, જ્યારે જનતાનું મન નક્કી છે અને પરિણામ ભાજપના પક્ષમાં જ આવવાનું છે, ત્યારે ચૂંટણી પાછળ સરકારી તંત્રનો સમય અને પ્રજાના ટેક્સના પૈસાનો વ્યર્થ વ્યય કરવો તે યોગ્ય નથી.સામાજિક કાર્યકર યોગેન્દ્ર બારોટએ ચૂંટણી પંચ અને જિલ્લા કલેક્ટરને વિનંતી કરી છે કે, લોકભાવનાને ધ્યાનમાં રાખીને એક ખાસ નોટિફિકેશન બહાર પાડવું જોઈએ. તેમણે અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારોને પણ અપીલ કરી છે કે તેઓ લોકશાહીના હિતમાં અને જનતાના નાણાં બચાવવા માટે પોતપોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લે. જેથી ભાજપના ઉમેદવાર જાહેર થતાની સાથે જ તેમને બિનહરીફ વિજેતા જાહેર કરી શકાય.

**માંજલપુર બેઠક માટે પ્રથમ દિવસે ૯ ફોર્મનો ઉપાડ**

માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રીયાનો પ્રારંભ થવાની સાથે પ્રથમ દિવસે નવ ફોર્મનો ઉપાડ થયો છે. આ વ્યક્તિ દ્વારા આ નવ ફોર્મ મેળવવામાં આવ્યા છે. જેમાં ૬ ફોર્મ અપક્ષ, એક ફોર્મ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને બે ફોર્મ ભારતીય જનતા પાર્ટી તરફથી લેવામાં આવ્યા છે.

### કોર્પોરેશનની ગંભીર બેદરકારી સામે જનરોષ

# વડોદરાના હૃદયસમા સુરસાગરમાં ફરીવાર સેંકડો માછલીઓના મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.6

સંસ્કારી નગરી વડોદરાના હૃદયસમા ઐતિહાસિક સુરસાગર તળાવમાં ફરી એકવાર મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં મળી આવતા અરેરાટી સાથે ભારે ચકચાર મચી જવા પામી છે. વડોદરા શહેરની મધ્યમાં આવેલું અને પ્રવાસીઓ તેમજ મોર્નિંગ વોકર્સ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલું સુરસાગર તળાવ આજે ફરી એકવાર વિવાદ અને ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. તળાવના પાણી પર સેંકડો માછલીઓ મૃત અવસ્થામાં તરતી જોવા મળતા સ્થાનિક લોકો અને પર્યાવરણ પ્રેમીઓમાં તંત્ર સામે ભારે નારાજગી વ્યાપી ગઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સુ રસાગર તળાવમાં માછલીઓ મરી જવાનો આ કોઈ પ્રથમ બનાવ નથી. અવારનવાર આ જળાશયમાં



કોઈ ને કોઈ કારણોસર સામૂહિક રીતે માછલીઓ મોતને ભેટે છે, જે વડોદરા મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી દર્શાવે છે. સામે આવેલા દ્રશ્યોમાં તળાવના કિનારે પાણીની સપાટી પર અસંખ્ય માછલીઓ મરી ગયેલી જોવા મળી રહી છે. આ ઘટનાને પગલે તળાવની આસપાસના વિસ્તારોમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના કારણે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સુરસાગર તળાવની આસપાસ સવાર-સાંજ મોટી સંખ્યામાં નાગરિકો મોર્નિંગ વોક અને ઈવનિંગ વોક માટે આવતા હોય છે. આ ઉપરાંત આસપાસ ઘીચ વસ્તી ધરાવતા રહેણાંક વિસ્તારો અને વ્યાપારી સંકુલો આવેલા છે. તળાવમાં માછલીઓ કોહવાઈ જવાની પ્રક્રિયા શરૂ થતાં જ સમગ્ર વિસ્તાર ગંદી વાસથી ભરાઈ ગયો છે, જેને કારણે સ્થાનિક રહીશોમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. ચોમાસાની આ ઋતુમાં જો તાત્કાલિક ધોરણે આ મૃત માછલીઓનો નિકાલ કરવામાં નહીં આવે અને પાણીના શુદ્ધિકરણ માટે પગલાં લેવામાં નહીં આવે, તો સ્થિતિ વધુ વણસી શકે છે તેવી દહેશત લોકો વ્યક્ત કરી રહ્યા છે.

## ધો.૧૦-૧૨ પૂરક પરીક્ષા, ગુણચકાસણી માટે તા.૭થી ઓનલાઈન અરજી શરૂ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જૂન-2026માં યોજાયેલી પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે. ધો.-10 એસએસસી અને સંસ્કૃત પ્રથમા તથા ધો.-12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની પૂરક પરીક્ષાનું પરિણામ તા.03ના રોજ જાહેર થયું છે. જે ઉમેદવારો પોતાના પરિણામથી સંતુષ્ટ ન હોય અને ગુણચકાસણી કરાવવા માંગતા હોય તેઓ માટે બોર્ડે ઓનલાઈન અરજીની વ્યવસ્થા ગોઠવી છે. વિદ્યાર્થીઓ તા.7 જુલાઈના રોજ બપોરના 14:00 કલાકથી તા. 13 જુલાઈના રોજ સાંજના 17:00 કલાક સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી કરી શકશે. મહત્ત્વની વાત એ છે કે, અરજીઓ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

### ફાયર બ્રિગેડે ત્વરિત કાબુ મેળવ્યો

# ગોત્રીની વોર્ડ નં.૧૦ કચેરીમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

**MCB સ્વીચમાં** સ્પાર્ક થતાં ધુમાડો નીકળ્યો, કર્મચારીઓમાં નાસભાગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6

ગોત્રી વિસ્તારમાં આવેલી વોર્ડ નંબર 10ની સરકારી કચેરીમાં અચાનક આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ. સામાન્ય દિવસની જેમ કામગીરી ચાલુ હતી. ત્યારે એમસીબી સ્વીચમાં ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થતાં ધુમાડો નીકળવા લાગ્યો હતો. ધુમાડો જોતાં જ કચેરીમાં હાજર કર્મચારીઓ અને અરજદારોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ઓફિસર પી.જી. સિસોદિયાએ જણાવ્યું કે કોલ મળતાં જ ટીમ પહોંચી અને ત્વરિત આગ ઓલવી નાખવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. પી.જી. સિસોદિયાએ વધુમાં કહ્યું કે, આગ માત્ર એમસીબી સ્વીચના વાયરિંગ સુધી સીમિત રહી હતી. વાયરિંગ સળગવા સિવાય કચેરીમાં કોઈપણ પ્રકારનું નુકસાન થયું નથી. સાવચેતીના ભાગરૂપે લાઈટ કટ ઓફ કરી દેવામાં આવી હતી અને હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે.

### ગ્રાહકની ફરિયાદ બાદ VMC ફૂડ વિભાગની સરપ્રાઈઝ રેડ

# તાંદલજાની હોટલમાં પનીર ટીકા મસાલા શાક બગડેલું હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

શહેરના તાંદલજા વિસ્તારમાં એક હોટલ દ્વારા ગ્રાહકને પીરસવામાં આવેલા ખોરાકની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઉઠ્યા છે. ગ્રાહક સૈયદ અયાઝે કરેલી લેખિત ફરિયાદને પગલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે તાત્કાલિક અસરથી તપાસ હાથ ધરી હોટલ પર સરપ્રાઈઝ રેડ પાડી હતી. પીડિત ગ્રાહક સૈયદ અયાઝના જણાવ્યા અનુસાર, તેમણે આ હોટલમાંથી 'પનીર ટીકા મસાલા' ઓર્ડર કર્યા હતા. જોકે, ભોજન પીરસવામાં આવ્યા બાદ તે બગડેલું અને અખાદ્ય હોવાનું માલૂમ પડ્યું હતું. ગ્રાહકે આ ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો અને ત્યારબાદ



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

અગાઉ પણ આ અંગે ફરિયાદ કરવામાં આવી હતી તેમ ગ્રાહકે જણાવ્યું હતું. ગ્રાહકની સતત રજૂઆતને ગંભીરતાથી લઈને VMC ફૂડ સેફ્ટીની ટીમ તાંદલજા સ્થિત હોટલ પર પહોંચી હતી. અધિકારીઓએ સ્થળ તપાસ દરમિયાન શંકાસ્પદ જણાયેલા 'પનીર ટીકા મસાલા'ના નમૂના એકત્ર કર્યા હતા. આ નમૂનાઓને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે. જેના રિપોર્ટ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તપાસ દરમિયાન પાલિકાના અધિકારીઓએ હોટલ સંચાલકોને 'સિક્યોર ચાર'ની નોટિસ ફટકારવાની તૈયારી દર્શાવી છે.આરોગ્ય અધિકારીઓના મતે, ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકે આશા વ્યક્ત કરી છે કે તંત્ર દ્વારા લેવામાં આવતા આ પગલાંથી ભવિષ્યમાં અન્ય ગ્રાહકોને આવી દુર્ઘટનાનો સામનો ન કરવો પડે અને હોટલોમાં સ્વચ્છતા જળવાય.

### એબીવીપીનું ૨૪ કલાકનું અલ્ટીમેટમ ,ઉગ્ર આંદોલનની ચીમકી

# કોમર્સ ફેકલ્ટીમાં એસવાયનું ફી પોર્ટલ બંધ થતાં આક્રોશ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સમાં સેકન્ડ યરનું ફી પોર્ટલ અચાનક બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વડોદરા મહાનગર દ્વારા આજે ડીન ફેકલ્ટી ઓફ કોમર્સને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પોર્ટલ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કોમર્સ ફેકલ્ટી અધ્યક્ષ આયુષ માછલિયા દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે, એસવાયનું ફી પોર્ટલ તા.29 જૂનના રોજથી બંધ કરવામાં આવ્યું છે. જેના કારણે સેંકડો વિદ્યાર્થીઓ ફી ભરી શક્યા નથી અને તેમનું શૈક્ષણિક વર્ષ જોખમમાં મુકાયું છે. પરિષદે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો 24 કલાકમાં ફી પોર્ટલ પરત શરૂ



કરવામાં નહીં આવે તો એબીવીપી દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ મુદ્દે એબીવીપીના આગેવાન વેદ ત્રિવેદીએ જણાવ્યું કે, 1949થી વિદ્યાર્થી હિત માટે કાર્ય કરતી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ક્યારેય વિદ્યાર્થીઓને અન્યાય થવા દેશે નહીં. ફી પોર્ટલ બંધ થવાથી વિદ્યાર્થીઓની કારકિર્દી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. યુનિવર્સિટી તંત્રએ વિદ્યાર્થી હિતને સર્વોપરી રાખી તાત્કાલિક પોર્ટલ શરૂ કરવું જોઈએ. જો અમારી માંગ નહીં સ્વીકારાય તો 76 વર્ષનો ઈતિહાસ ધરાવતું સંગઠન રસ્તા પર ઉતરીને લડત આપશે.

### બહારથી માણસો બોલાવી હુમલો કરાયાનો આક્ષેપ : ૮ સામે ગુનો દાખલ

# ભાયલીના અર્બન-૮માં મંદિર મુદ્દે વિવાદ, પોલીસ સામે જ મારામારી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલા અર્બન રેસીડન્સી-8માં મહાદેવ મંદિરના નિર્માણ મુદ્દે થયેલા વિવાદ બાદ બંને પક્ષે એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાવતા મામલો વધુ ગરમાયો છે. બે જૂથના લોકોએ પોલીસની હાજરીમાં જ મારા મારી છૂટા હાથની કરી હતી.ગોત્રી પોલીસ સ્ટેશનમાં બે અલગ-અલગ ગુના નોંધાયા છે, જેમાં મારામારી, ગાળો, જાનથી મારી નાખવાની ધમકી તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે. ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રથમ ગુનામાં ભાયલી વિસ્તારમાં આવેલી અર્બન રેસિડેન્સી 8માં રહેતા નીતુબેન રાજપુતની ફરિયાદના આધારે સવિતાબેન રોહિત સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મહાદેવ મંદિરના નિર્માણ મુદ્દે થયેલા વિવાદને લઈને આરોપીએ તેમની સાથે ઝઘડો કરી મુક્કા અને લાતો મારી, ગંદી ગાળો બોલી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે બીજા ગુનામાં ચેતનભાઈ રોહિતે નોધાવેલી ફરિયાદના આધારે સંજય ચોહાણ, ધ્રુતીબેન ચોહાણ, નીતુબેન રાજપુત, રાજેશ પઢીયાર, નારાયણ રાજપુત, જગદીશ અને કિશન સામે ગુનો નોંધાયો છે. તમામ આરોપીઓએ ભેગા મળી



ફરિયાદી સાથે મારામારી કરી, જાહેરમાં જાતિ વિષયક અપશબ્દો બોલ્યા, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો ઉપરાંત એટ્રોસિટી એક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. બંને ગુનાઓની વધુ તપાસ વડોદરા શહેરના ACP એસસી-એસટી સેલ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મામલો વધુ ઉગ્ર બનતા મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા પોલીસ પણ દોડી આવી હતી ત્યારબાદ લોકોનું ટોળું પોલીસ સ્ટેશન ખાતે ધસી આવતા માહોલ વધુ ગરમાયો હતો.

**હાલાકી** અનેક ટ્રેનો આંશિક રદ,રૂટ ડાયવર્ટ : સુરત સ્ટેશન પર યાત્રીઓ મોટી સંખ્યામાં અટવાયા : વડોદરામાં આજે ભારે વરસાદની આગાહી

# વડોદરામાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6

વડોદરા જિલ્લામાં વરસાદે વિરામ લીધો હતો. જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ રવિવારે સવારે 6 થી બીજા દિવસે સોમવારે સવારે 6 વાગ્યા સુધીમાં ફક્ત પાદરા તાલુકામાં 8 મી.મી. વરસાદ નોંધાયો છે. ત્યારે, સાંજે અચાનક મેઘરાજા મહેરબાન થયા હતા. વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જિલ્લાના બાકીના સાત તાલુકા સાવલી, વડોદરા શહેર, વાઘોડિયા, ડભોઈ, કરજણ, શિનોર અને ડેસરમાં પણ વરસાદ વરસ્યો હતો. પાદરામાં સવારે 8 થી 10 અને 10 થી 12 વાગ્યા દરમિયાન 4-4 મી.મી. એમ કુલ 8 મી.મી. વરસાદ પડ્યો હતો. ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ 78.38 મી.મી. નોંધાયો છે. જોકે, સાંજે પડેલા ધોધમાર વરસાદને કારણે આંકમાં ફેરફાર થશે. તાલુકામાં સૌથી વધુ વરસાદ અત્યાર સુધીમાં ડેસર તાલુકામાં 141 મી.મી. નોંધાયો છે. ત્યારબાદ સિનોરમાં 101 મી.મી., પાદરામાં 94 મી.મી., સાવલીમાં 83 મી.મી., ડભોઈમાં 71 મી.મી., વાઘોડિયામાં 50 મી.મી., કરજણમાં



45 મી.મી. અને વડોદરા શહેર તાલુકામાં સૌથી ઓછો 42 મી.મી. વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 24 કલાકમાં જિલ્લામાં હળવાથી વરસાદની શક્યતા છે. જ્યારે સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 36.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 28.1 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 83% અને સાંજે 63% નોંધાયું હતું. વાદળ છાયા વાતાવરણ વચ્ચે ઉકળાટ અને બફારાથી નગરજનો પરેશાન થયા હતા.

**પાદરામાં સૌથી વધુ આઠ મીમી વરસાદ નોંધાયો**

વડોદરા જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન વરસાદે લગભગ વિરામ લીધો છે. રવિવારે સવારે 6 થી બીજા દિવસે સોમવારે સવારે 6 વાગ્યા સુધીમાં ફક્ત પાદરા તાલુકામાં 8 મી.મી. વરસાદ નોંધાયો છે. સાવલી, વડોદરા શહેર, વાઘોડિયા, ડભોઈ, કરજણ, સિનોર અને ડેસરમાં 24 કલાક દરમિયાન વરસાદનું એક ટીપું પણ પડ્યું નથી. જિલ્લાનો સરેરાશ વરસાદ માત્ર 1 મી.મી. રહ્યો છે. ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ 78.38 મી.મી. નોંધાયો છે. તાલુકામાં સૌથી વધુ વરસાદ અત્યાર સુધીમાં ડેસર તાલુકામાં 141 મી.મી. નોંધાયો છે. ત્યારબાદ સિનોરમાં 101 મી.મી., પાદરામાં 94 મી.મી., સાવલીમાં 83 મી.મી., ડભોઈમાં 71 મી.મી., વાઘોડિયામાં 50 મી.મી., કરજણમાં 45 મી.મી. અને વડોદરા શહેર તાલુકામાં સૌથી ઓછો 42 મી.મી. વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 24 કલાકમાં જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 36.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 28.1 ડિગ્રી નોંધાયો હતો.

**વંદે ભારત, તેજસ સહિતની ટ્રેનો રદ કરી દેવાઈ**

મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે અમદાવાદ-મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો છે. ટ્રેક પર પાણી ભરાતા વંદે ભારત, તેજસ, ગુજરાત એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનો રદ કરાઈ છે, જ્યારે કેટલીક ટ્રેનોને સુરત, નવસારી, વાપી અને વલસાડ સુધી ટૂંકાવી દેવામાં આવી છે. કુલ 13 ટ્રેનો રસ્તામાં જ અટકાવાઈ હોવાનું રેલ્વે વિભાગે જણાવ્યું છે.સુરત સ્ટેશને યાત્રીઓ અટવાયા છે.

### એક માછલી ૧૦૦ પોરાનો કરશે સફાયો

# હવે 'ગપ્પી માછલી'થી મચ્છરોનો સફાયો, નવતર પ્રયોગ હાથ ધરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

વડોદરાની સયાજી હોસ્પિટલ આ વખતે પોતાની સારવાર પદ્ધતિને કારણે નહીં, પરંતુ ડેન્ગ્યુના મચ્છરોને ડામવા માટે અપનાવેલા એક અનોખા અને ઈકો-ફ્રેન્ડલી અભિગમ માટે ચર્ચામાં આવી છે. ચોમાસાની સીઝનમાં મચ્છરજન્ય રોગોના વધતા ખતરાને ધ્યાનમાં રાખીને, સિયાબાગ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા હોસ્પિટલ પરિસરમાં 'ગપ્પી માછલીઓ' છોડવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હોસ્પિટલના બગીચાઓ, પીએમ રૂમ પાસેના ફુવારાઓ અને મંદિરના પરિસર જેવી જગ્યાઓ જ્યાં પાણી ભરાઈ રહેતું હોય છે, ત્યાં મચ્છરોના ઈંડા અને પોરા ઉત્પન્ન થવાની શક્યતા સૌથી વધુ હોય છે. જ્યાં દવાઓનો છંટકાવ કરવો કે પાણીનો નિકાલ કરવો મુશ્કેલ



હોય, તેવી જગ્યાઓને શોધીને આ ગપ્પી માછલીઓ મૂકવામાં આવી છે. આ માછલીઓનો સ્વભાવ ખૂબ જ શિકારી હોય છે. એક ગપ્પી માછલીમાં દરરોજ ૧૦૦ જેટલા મચ્છરના પોરા ખાઈ જવાની અદભૂત ક્ષમતા હોય છે. આ રીતે, મચ્છરો પુખ્ત બને અને ઉડે તે પહેલા જ તેમનો કુદરતી રીતે નાશ થાય છે. નિષ્ણાતો આ પદ્ધતિને ડેન્ગ્યુ અટકાવવા માટે એક અસરકારક 'બાયોલોજીકલ વેપન' ગણાવી રહ્યા છે. સિયાબાગ અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કર્મચારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી હોસ્પિટલના ત્રણ મુખ્ય વિસ્તારોમાં આ પ્રયોગ સફળ રહ્યો છે. હવે ટૂંક સમયમાં જ શહેરની વિવિધ બાંધકામ સાઈટ્સ કે જ્યાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેતું હોય, ત્યાં પણ ગપ્પી માછલીઓ મૂકીને ડેન્ગ્યુના પ્રસારને રોકવા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રયોગ સાબિત કરે છે કે રાસાયણિક દવાઓના વધુ પડતા ઉપયોગ વગર પણ, માત્ર કુદરતી સંતુલન જાળવીને મચ્છરજન્ય રોગો પર કાબૂ મેળવી શકાય છે.